# ઉત્તમની ઉપેક્ષા નહીં અને અધમનો અનુરાગ નહીં

સતત પરિવર્તન પામતા આપણા જીવનમાં કેટકેટલાં પ્રસંગોની અને વ્યક્તિની અવર-જવર થતી રહે છે. એ બધી ઘટના, પ્રસંગ અને વ્યક્તિ કે વાચન-શ્રવણ પણ જુદાં જુદાં સ્તરનાં જ રહેવાનાં. તેને બે જ ખાનામાં વહેંચવાનાં હોય; કાં તો તે ઉત્તમ હોવાનાં, કાં તો તે અધમ હોવાનાં.

અરે ! રસ્તા પરથી પસાર થતાં મંદિર પણ આવે અને હોટલ પણ આવે. જોતાવેંત મન ખેંચાય એવી દુકાનો પણ આવે અને જોતાવેંત મન-મોં બગડી જાય એવી દુકાન પણ આવે; એટલે આપણે મંદિરને ઉત્તમ કહીશું અને બીજાને અધમ.

પણ, આપણે એક નિયમ અપનાવીએ :
**ઉત્તમની ઉપેક્ષા નહીં**
**અને અધમનો અનુરાગ નહીં.**

આ નિયમથી, આટલું નક્કી કરવાથી, ઉત્તમ નજીક આવતું જશે અને અધમ છૂટતું જશે. જો આપણે અધમનો અનુરાગ કેળવીશું અને ઉત્તમની ઉપેક્ષા કરતાં જઈશું તો સરવાળે આપણી પાસે અધમનો ઉકરડો ભેગો થશે અને ઉત્તમ શોધ્યું નહીં મળે. **અધમ વણનોતર્યું આવે છે; ઉત્તમને લાવવા કરગરવું પડે છે.**

આપણે ઉત્તમ મેળવવું છે. ઉત્તમ થવું છે. **ઉત્તમ એટલે તમોગુણથી ઉપર ઊઠેલું. ભર્યું-ભર્યું હોય તે.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૮**



Melbourne Shwetambar Jain Sangh

## થોડો અર્થવિસ્તાર

## ઉત્તમની ઉપેક્ષા નહીં અને અધમનો અનુરાગ નહીં

સામાન્ય રીતે તો લોકો કહેતા હોય છે કે ઉત્તમની તો કોણ ઉપેક્ષા કરે ? જેમ જે રાચરચીલું, કપડાંલત્તાં, ઘરેણાં, મિષ્ટભોજન વગેરે સહુને ગમે જ. એની ઉપેક્ષા કોઈ ન કરે. તો પછી આવો બોધ શાને ? ના એવું નથી. ઉત્તમ શબ્દ ઘણા વિશાળ અર્થને સમાવીને બેઠો છે.

ભૌતિક સપાટીએ જે ઉત્તમ-શ્રેષ્ઠ છે, તેની ઉપેક્ષા નથી થતી. એ ઠીક છે. પરંતુ **ઉત્તમ પુસ્તકો, ઉત્તમ વિચારો, ઉત્તમ વ્યક્તિઓ... હજુ આ યાદી લંબાવીએ તો, માતા-પિતા, કલ્યાણકારી મિત્ર અને ઉપકારી ગુરુજનથી લઈને ઠેઠ પરમાત્મા સુધી ઉત્તમનો વિસ્તાર વિચારી શકાય.** આવાં-આવાં ઉત્તમ તત્ત્વો છે અને એ સંદર્ભમાં આપણે વિચારવાનું છે.

એવું પણ બને કે **આવી ઉત્તમ ચીજ સામે આવે ત્યારે એને આવકારવાનો ઉમળકો નથી હોતો. એના પ્રત્યે મનમાં સાવ ઠંડો પ્રતિભાવ જાગે છે. એ ઉત્તમ છે એવી જાણ છતાં પણ, એ તરફ લગાવ ન હોઈ એની ઉપેક્ષા જ થઈ જાય છે!**

એક સાદો દાખલો લઈ આ સમજી લઈએ - સાંજના સમયે, બસ એમ જ, પતિ-પત્ની બન્ને એમના બાળક સાથે ટહેલવા નીકળ્યા છે. રસ્તે દેરાસર આવ્યું. પત્નીએ સહજ કહ્યું : ચાલો દર્શન કરી લઈએ. પતિ કહેશે : સવારે તો દર્શન કર્યા છે, તું જઈ આવ. આવું બનતું તમે પણ ઘણીવાર અનુભવ્યું હશે જ. થોડે આગળ જતાં, તેઓ એક હોટલમાં ગયા; નાસ્તો કર્યો.



Melbourne Shwetambar Jain Sangh

બહાર નીકળી થોડું ચાલ્યા ત્યાં, શેરડીના રસનો સંચો આવ્યો. દીકરાએ કહ્યું : શેરડીનો રસ પી લઈએ. પતિ તૈયાર !

આમ, ઉત્તમની જે રીતે ઉપેક્ષા થઇ એ વ્યાજબી નથી. **ક્યારેક ઇચ્છા ન હોય તો પણ સુદાક્ષિણ્યથી પ્રેરિત થઈને પણ, ઉત્તમનો આદર કરવો જોઈએ.**

જુનવાણી માણસોમાં તમે જોયું હશે. ઘરની બહાર નીકળતાં કોઈ કહે : ચા પીને જાઓ. અથવા જમીને જાઓ. જવાબ મળશે ના, નથી પીવી; ભૂખ નથી. ત્યારે વડીલ કહેશે : જતી વખતે જમવાનું નામ લીધું છે. અન્નનો અનાદર ન કરાય. થોડુંક વાંદી લો. અને બહાર જનાર વ્યક્તિ આ સ્વીકારી લે છે. આ અન્નનો આદર છે.

આ રીતે આપણે ઉત્તમને ભૌતિક સ્તરથી આગળ વ્યવહારિક સ્તરે વિચારી શકીએ. એમ કરતાં કરતાં આગળ વધતાં આધ્યાત્મિક ક્ષેત્રે પણ, ઉત્તમનો આદર કરવાનો હોય. **આચરણ દુષ્કર લાગે તો એનું દુઃખ હોવું જોઈએ.**

અધમનો અનુરાગ પણ, ઉત્તમની ઉપેક્ષામાં કારણ બની શકે. એ અનુરાગ તીવ્ર હોય તો, તે ઉત્તમના સેવનમાં બાધક બને છે. **કર્મવશ કે સંયોગવશ અધમનું સેવન થાય તો પણ તેનો અનુરાગ, ન જન્મે તેની કાળજી રાખવી જોઈએ.**

આપણને સંયોગો અને સામગ્રી ઉત્તમ મળ્યાં છે. તેનો સરવાળો પણ ઉત્તમોત્તમ હોવો જોઈએ.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૯**



Melbourne Shwetambar Jain Sangh

# મને સન્મિત્રનો સમાગમ હો !

સાવ સાદા સૂતરના દોરામાં ખાસ કશું નથી.

- એમ ને એમ ગળામાં કે માથા પર મૂક્યો હોય તો તે, પોતે નહીં તો બીજા, એ દેખતાં વેંત, હાથથી લઈને દૂર કરી દે.
- એ જ **દોરો જ્યારે સુગંધથી ઉભરાતાં સુંદર પુષ્પોની સોબતમાં હોય ત્યારે હજારો માણસોની હાજરીમાં લોકો હોંશે હોંશે તેને ગળામાં ફૂલહાર તરીકે પહેરાવે છે**, કે માથામાં વેણી-ગજરા તરીકે ગૂંથે છે. આ પ્રભાવ ફૂલો સાથેની દોસ્તીનો છે.
- આ જ **દોરો જ્યારે ટીમરું (તમાકુ)ના પાનની સોબત કરે ત્યારે, પહેલાં તે બળે છે** અને તે પછી પાન સાથે ફૂંકી, તેને ફેંકી દેવામાં આવે છે.

સોબત તેવી અસર એ કહેતી અહીં સિદ્ધ થાય છે.

કોઈ શેતાન જેવા લાગતા માણસની હેવાનિયત માટે જવાબદાર કોણ હોય છે ? અલબત્ત, **કોઈ કુમિત્રની સોબત જ જીવનને અવનતિની ગર્તા તરફ ધકેલવામાં નિમિત્ત બની હોય છે.**

કોઈ સંતના પૂર્વ જીવનમાં ડોકિયું કરીએ તો તેમની પાવન જીવનગંગાના મૂળને શોધતાં માલુમ પડશે કે ઉત્તમની સોબતના પ્રભાવથી પોતે ઉચ્ચ જીવનના શિખર સર કરી શક્યા છે. આમ, **જીવનની ઉન્નતિ કે અવનતિનાં મૂળ, કુસંગ કે સત્સંગમાં રહેલાં છે.**

**સન્મિત્રો તો જીવનની મોંઘેરી મૂડી છે.** આજના વિષમ અને વિષમય કાળમાં સૌથી વધુ કાળજી મિત્ર બનાવવામાં રાખવા જેવી છે. મિત્ર તમારા જીવનનો નકશો બદલી શકે છે. અરે ! **મિત્ર તો તમારા સફળ જીવનનો નકશો દોરી પણ શકે છે.**

કુમિત્રો તો ડગલે ને પગલે મળશે ! **સન્મિત્ર ઓછા જ હોવાના. એને તો શોધવા પડે છે.** એકાદ સન્મિત્ર મળી જાય તો દુઃખી જીવન પણ સુખમય બની શકે છે. જ્યારે કોઈ કુમિત્ર ભટકાઈ જાય તો જીવનનો ખીલેલો બાગ પણ ઉકરડામાં ફેરવાઈ જાય છે.

એટલે, સન્મિત્ર કરવામાં જેમ કાળજી લેવાની છે તેમ **કુમિત્રથી અળગા રહેવામાં એથીયે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે.**

પ્રસિદ્ધ કેળવણીકાર નાનાભાઈ ભટ્ટના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ આ બાબતમાં મનનીય છે. તેર-ચૌદ વર્ષની વયે તેમના લગ્ન થયેલાં. લગ્ન પછી પત્ની શિવકોર સાથેની પ્રથમ મુલાકાતમાં થયેલી વાતચીત એમની **આત્મકથા ‘ઘડતર અને ચણતર’**માં આમ લખાઈ છે :

જીવનમાં હું પહેલો વહેલો જ એને મળ્યો.

મારાથી પુછાઈ ગયું : ‘આ વખતે તો તું રોકાઈશ ના ?’

શિવની આંખોમાં આંસુ આવ્યા : ‘હું શું રોકાઉં ? તમે રોજ ઊઠીને તમારા ભાઈબંધોને લાવ્યા કરો છો ને હું બળી જાઉં છું...’

આ શબ્દોથી મને ભારે આઘાત થયો : 'ભાઈબંધો તો આવે જ ના ! તું એમને ક્યાં ઓળખે છે ?'

'એ બધાને હું પગમાંથી ઓળખું છું, એ બધાય સારા નથી. એ હશે ત્યાં સુધી હું આવવાની નથી.'

શિવકોર આમ એક જ દિવસમાં એ કહેવાતા મિત્રોના દેદાર જોઈ, ચાળા જોઈ તુર્ત કળી ગયા હતા; 'આ માણસોનો પગ આપણા ઘેર ન જોઈએ.'

ધનતેરશનો દિવસ હતો. વળી નાનાભાઈનો જન્મદિવસ ! એક પછી એક મિત્રો સવારથી આવવા લાગ્યા. પરંતુ શિવકોરના શબ્દોએ નાનાભાઈને બાંધી દીધા હતા.

'આજથી આપણી ભાઈબંધી બંધ છે.'

ત્યારથી એ મિત્રો ગયા તે ગયા... એ બધા મિત્રોનું ઉત્તર જીવન જોઉં છું ત્યારે થાય છે કે શિવલક્ષ્મીનો મારા પરનો મોટો ઉપકાર છે. એના નિર્મળ આગ્રહથી હું બચી ગયો. આજે પણ ઘણીવાર મારા જીવનદેવીનો પ્રસંગ હું ઘણા ગર્વથી ગાઉં છું.

પત્ની સન્મિત્ર બની અને કુમિત્રના કળણમાંથી ઉગારી લીધા. ત્યાર પછી તો એમનું જીવન સડસડાટ ઊંચે ને વધુ ઊંચે ચઢતું રહ્યું. અમરવેલ ને વળી આંબે ચડી ! પછી બાકી શું રહે ?

**સારા મિત્રો જ શોધવા. ન મળે તો પ્રભુ પ્રાર્થના કરવી પરંતુ નથી મળતા એટલે જે તેની સાથે હાથ ન મિલાવવા.**



Melbourne
Shwetambar Jain Sangh

ફૂલની છાબમાં મૂકવા જેવાં ફૂલ ન મળે તો કાંઈ તેમાં કોલસા ન ભરાય ! ખાલી રહેલી છાબનું પણ એક મૂલ્ય છે. ભર્તૃહરિએ લખ્યું છે :

**अंके मित्रं भूपतिर्वा यतिर्वा ।**
**એક મિત્ર હોય પછી તે રાજા હો અથવા સાધુ હો.**

આવા એક મિત્ર પણ બસ છે. **સાચા મિત્રો કેટલા હોય એ ગણવા માટે, વેઢા તો ઠીક, આંગળીઓ પણ વધારે છે.**

**શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક,**
**જેમાં સુખ-દુઃખ બાટીયે, તે લાખોમાં એક.**

આપણને આવા સન્મિત્રનો દુકાળ ન હો.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૪**

# કઠોર કૃપાનો સ્વીકાર

આપણે ઘણી ઘણી ઈચ્છાઓ કરીએ છીએ અને તે બધી પૂરી કરવા મથીએ છીએ.

આ બધી ઈચ્છાઓ ફળતી નથી ત્યારે આપણે દુઃખી થઈએ છીએ.

**ઈચ્છાઓ ફળે ત્યારે તેનો યશ પોતાના કિસ્મતને અને ક્યારેક શ્રદ્ધાવશ, ભગવાનને અપાતો હોય છે.** પણ જ્યારે ઈચ્છા ન ફળે ત્યારે તે હતાશ થતો હોય છે, અને છેવટે ભગવાનને ઉદ્દેશીને તેને દોષ દેતો હોય છે.

'તું દયાળુ છે કે નહીં ! આવા દુઃખ દેવાના હોય ? એમ બોલતો હોય છે. પણ **ખરેખર તો એ આવી પડેલા દુઃખમાં પ્રભુની કૃપાના જ દર્શન કરવાના છે.** આ બાબતમાં કવિ રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યકંડિકા ખૂબ જ હૃદયસ્પર્શી છે :

**आमि बहु वासनाय प्राणपणे चाई,**
**वंचित करे बांचाले मोरे!**
**ए कृपा कठोर संचित मोर जीवन भरे**

અનેક વાસનાનો માર્યો જીવ પર આવીને માંગું છું પણ તેં મને વંચિત રાખીને બચાવી લીધો છે. એ કઠોરકૃપા મારા આખા જીવનમાં સંઘરેલી રહેશે.

આ જે 'કઠોરકૃપા' છે તેને સમજવાનો પ્રયત્ન કરવા જેવો છે.

મારા વારંવારના અનુભવ આ વાતમાં સાક્ષી પૂરે છે. જ્યારે જ્યારે ઇચ્છા ફળી નથી ત્યારે ત્યારે ક્ષણિક દુઃખ થયું છે; પણ થોડા સમયના અંતરે એ વિતેલી ઘટના તરફ દૃષ્ટિપાત કરું છું, તે પ્રસંગનું વિશ્લેષણ કરું છું ત્યારે પણ તેમાં પ્રભુની કૃપાના કોમળ કિરણોનો જ સ્પર્શ જણાય છે. અને સાચોસાચ પેલું પ્રસિદ્ધ વાક્ય યાદ આવે છે કે : **'જે થાય તે સારા માટે.' આ આશ્વાસન નથી, પ્રેરણા છે.**

આ જ સંદર્ભમાં કવિવર ટાગોરનું એક બીજું મહત્ત્વનું વાક્ય યાદ રાખવા જેવું છે : '**વગર માંગ્યે જે મળ્યું છે તેની જે જવાબદારી છે તે તું પૂરી પાડી શકતો નથી તો તું જે કાંઈ માંગે છે તેની જવાબદારી તું શી રીતે ઉપાડશે ?**'

એટલે **જે કાંઈ બન્યું તે બધામાં તેની કોમળ-કઠોર કૃપાના દર્શન કરવા; તેથી દુઃખ, દર્દ કે ફરિયાદ જેવા વિષાદપ્રેરક વિચાર જ નહીં આવે.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૫**

# સમવસરણમાં વિરાજમાન ચતુર્મુખ ભગવંતના ધ્યાનની વિધિ

સમવસરણમાં વિરાજમાન ચતુર્મુખ ભગવંતના ધ્યાનથી અંતરાયકર્મનો ક્ષય વગેરે અનેક લાભો થાય છે. એ માટે શ્રી **દેવભદ્રાચાર્ય વિરચિત સિરિપાસનાહચરિયં ગ્રંથ**માં શિવદત્ત મંત્રીના પુત્ર દેવપ્રસાદનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

આ દૃષ્ટાંતમાં **મુનિએ દેવપ્રસાદને કહેલી ધ્યાનવિધિ આ રીતે છે** :

શુચિ શરીર અને માનસિક પ્રસન્નતાથી યુક્ત ધ્યાતા (ધ્યાન કરનાર) પવિત્ર સ્થાનમાં -

૧. સુખપૂર્વક પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસે.
૨. સમુચિત પર્યંકાસન વગેરે આસન દ્વારા શરીર સ્થિર કરે.
૩. ધ્યાનમાં અનુપયોગી એવા મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરે.
૪. નેત્ર નિમીલિત (બંધ) રાખે અથવા નાસાગ્ર દૃષ્ટિ કરે.
૫. ઉચ્છ્વાસ અને નિશ્વાસને મંદ કરે.
૬. પોતે પૂર્વે કરેલાં પાપોની ગર્હા કરે.
૭. સર્વ પ્રાણીને ખમાવે.
૮. પ્રમાદને દૂર કરે.
૯. શ્રી જિનેશ્વર ભગવંતના ધ્યાન માટે એકાગ્રચિત્તવાળો થાય.
૧૦. શ્રી ગણધર ભગવંતોનું સ્મરણ કરે.
૧૧. શ્રી સદ્ગુરુઓનું સ્મરણ કરે.



Melbourne Shwetambar Jain Sangh

તે પછી આ રીતે ચિંતન કરે :

૧. સમવસરણ માટેની ભૂમિ વાયુકુમાર દેવતાઓ શુદ્ધ કરે છે.

૨. તે ભૂમિને મેઘકુમાર દેવતાઓ ઉત્તમ સુગંધી પાણી વડે સીંચે છે.

૩. તે ભૂમિમાં ઋતુ દેવતાઓ ઢીંચણ સુધી પુષ્પો વરસાવે છે.

૪. વૈમાનિક દેવતાઓ ત્યાં મણિઓનો પહેલો પ્રાકાર (ગઢ) બનાવે છે.

૫. જ્યોતિષ્ક દેવતાઓ સોનાનો બીજો ગઢ બનાવે છે.

૬. ભવનપતિ દેવતાઓ રૂપાનો ત્રીજો ગઢ બનાવે છે.

૭. મધ્યભાગમાં દેવતાઓ અશોક વૃક્ષ, પાદપીઠથી યુક્ત ચાર સિંહાસન, ત્રણ છત્ર વગેરેની રચના કરે છે.

૮. દેવતાઓ સમવસરણમાં તોરણો. વાપીઓ, પતાકાઓ, ધર્મધ્વજ વગેરેની રચના કરે છે.

તે પછી દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્માનું આ રીતે ધ્યાન કરે :

૧. ભગવંત વ્યંતર દેવતાઓએ રચેલાં સુવર્ણ કમળોની કર્ણિકામાં પગ મૂકતાં મૂકતાં પધારી રહ્યા છે.

૨. દેવતાઓ ભગવંતને ચામર વીંઝી રહ્યા છે અને "જય જય" શબ્દની ઘોષણા કરી રહ્યા છે.

૩. ભગવંતની આગળ ચાલતા ઇન્દ્રો માર્ગમાં રહેલા લોકોને બાજુએ કરી રહ્યા છે.

૪. ભગવંત પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી રહ્યા છે.

તે પછી આ રીતે ધ્યાન કરે :

૧. ભગવંત સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે.

૨. અન્ય ત્રણ દિશાઓમાં દેવતાઓએ રચેલાં ભગવંતનાં પ્રતિરૂપ છે.

૩. હર્ષથી પુલકિત ઇન્દ્રો રત્નના દંડવાળા અતિ શ્વેત ચામરો વીંઝી રહ્યા છે.



Melbourne Shwetambar Jain Sangh

૪. ચારે દિશાઓમાં ભવ્ય જીવો પોતપોતાને ઉચિત સ્થાને બેસી ગયા છે.

૫. અનેક પ્રકારનાં તિર્યંચોના સમૂહો સમવસરણના બીજા વલયમાં છે. તે બધા પરસ્પર વૈરનો ત્યાગ કરી, શાંત રસમાં તરબોળ બની ભગવંતની દેશના સાંભળી રહ્યા છે.

તે પછી સમવસરણની મધ્યમાં કલ્પવૃક્ષ અને ત્રણ છત્ર નીચે સિંહાસન પર વિરાજમાન ભગવંતનું આ રીતે ધ્યાન કરે :

૧. એકીસાથે એક જ સમયે ઉદયને પામેલા બાર સૂર્યોના સમૂહ સમાન દેદીપ્યમાન શરીરવાળા.
૨. સર્વ સુંદર જીવો કરતાં અનંતગુણ અધિક રૂપવાળા.
૩. અનાદિ મોહવૃક્ષનો મૂળથી નાશ કરનારા.
૪. રાગરૂપ મહારોગનો નાશ કરનારા.
૫. ક્રોધરૂપ અગ્નિને બુઝવનારા.
૬. સર્વ દોષોનાં અવંધ્ય ઔષધ.
૭. અનંત કેવલજ્ઞાન વડે સર્વવસ્તુઓના પરમાર્થને જાણનારા.
૮. દુસ્તર ભવસમુદ્રમાં પડેલા જીવોનો ઉદ્ધાર કરવા માટે અચિંત્ય સામર્થ્યવાળા.
૯. લોક પુરુષના મસ્તકમણિ.
૧૦. ત્રણે લોકના પરમગુરુ.
૧૧. ત્રણે લોક વડે નમન કરાએલા.
૧૨. ત્રણે લોકને તારનાર માહાત્મ્યવાળા.
૧૩. જીવોના ઉપકારમાં તત્પર.
૧૪. વિશ્વોપકારક ધર્મને કહેતા.
૧૫. લોકનાં સર્વ પાપોનો નાશ કરતા.
૧૬. જીવોને માટે સર્વ સંપત્તિઓનાં મુળ કારણ.
૧૭. સર્વ લક્ષણોથી સંપન્ન.
૧૮. સર્વોત્તમ પુણ્યાનુબંધી પુણ્યથી નિર્મિત દેહવાળા.
૧૯. જીવોનાં મોક્ષનું પરમ સાધન.

૨૦. પરમ યોગીઓનાં મનને પ્રસન્ન કરનારા.
૨૧. જન્મ, જરા, રોગ વગેરેથી રહિત.
૨૨. સિદ્ધ હોવા છતાં પણ જાણે ધર્મ માટે જ કાયામાં રહેલા.
૨૩. હિમ, હાર કે ગાયનાં દૂધ જેવા નિર્મલ.
૨૪. કર્મ સમૂહોનો નાશ કરનારા.

**આ પ્રમાણે ધ્યાન નિશ્ચલ ચિત્તથી ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી પરમાત્મા જાણે સાક્ષાત્ સામે હોય તેવા ભાસે.**

તે પછી
૧. ઘૂંટણ ભૂમિ પર રાખી અત્યંત ભક્તિપૂર્વક નમેલા શીર્ષ વડે પરમાત્માના ચરણયુગલનો સ્પર્શ કરવો અને પોતાનો આત્મા પરમાત્માના શરણે છે, એમ ભાવવું.
૨. વાસક્ષેપ આદિથી સામે ભાસતા પરમાત્માની ભાવનાથી સર્વાંગ પૂજા કરવી - પોતે વાસક્ષેપ વગેરેથી જાણે પૂજા કરતા હોય તેમ ભાવવું.
૩. ચૈત્યવંદન કરવું, (એમ ભાવવું.)

બોધિલાભ આદિ માટે પ્રાર્થના કરીને ધ્યાન સમાપ્ત કરવું.

આ રીતે ધ્યાનની પ્રક્રિયા બતાવીને મુનિ દેવપ્રસાદને કહે છે કે:
આ પ્રમાણે નિત્ય ધ્યાનાભ્યાસ કરવાથી એકાગ્ર ચિત્તવાળા તે સાધકને -
૧. ભગવંતનાં રૂપ વગેરે તથા તેમનાં ગુણોનું અનુભવપૂર્ણ જ્ઞાન થાય છે.
૨. સંવેગની વૃદ્ધિ વડે કર્મક્ષય થાય છે.
૩. ક્ષુદ્રજનો કશું જ બગાડી શકતા નથી.
૪. વચનસિદ્ધિ મળે છે.
૫. રોગો નાશ પામે છે.


Melbourne Shwetambar Jain Sangh

૬. ધનને ઉપાર્જન કરવાના ઉપાયો અત્યંત સફળ થાય છે.
૭. સૌભાગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે.
૮. મનુષ્યો અને દેવતાઓનાં ઉત્તમ સુખો તથા મોક્ષનું સુખ અનુક્રમે વિના વિલંબે પ્રાપ્ત થાય છે.[૧]

આ રીતે ધ્યાનવિધિ અને તેનાં ફળો બતાવ્યા પછી અંતે મુનિ દેવપ્રસાદને કહે છે કે - "હે દેવાનુપ્રિય ! જો કલ્યાણની કામના હોય તો પરમગુરુપ્રણીત આ ધ્યાન વિધિનો તમે સારી રીતે આદરપૂર્વક અભ્યાસ કરો."

**- પરમ પૂજ્ય મુનિ શ્રી તત્ત્વાનંદ વિજયજી મહારાજ**
**"અરિહંતના અતિશયો" ગ્રંથનો આંશિક ભાગ**

**૧.** ધ્યાનના ફળોનું આ વર્ણન સામાન્ય છે, બાકી તો સમવસરણમાં વિરાજમાન, જગતના સર્વ જીવોના યોગ અને ક્ષેમના વિધાયક શ્રી જિતેન્દ્ર પરમાત્માના આ ધ્યાનથી સર્વ દુઃખો સ્વયં ટળે છે અને સર્વ પ્રશસ્ત સુખો પોતાની મેળે આવીને સાધકને પ્રાપ્ત થાય છે, એ વાત નિઃસંદેહ છે.